ફોજદારી કેસ નં. ૩૫૪ /૨૦૧૯

આંક ૮૩ ની અરજી હેઠળ હુકમ

(૧) આરોપી ધ્વારા હાલની અરજી ધ્વારા જણાવામા આવેલ છે કે સવાલ વાળા ચેકમાં રકમ અને તારીખ જે અક્ષરોમાં લખાયેલ છે તે અક્ષર આરોપીના છે કે કેમ તેની ફોરેન્સીક જાંચ કરવા માગતા હોઈ સદર ચેક ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ખાતે મોકલી આપવા અરજ કરેલ છે.

(૨) હાલની અરજી સામે ફરીયાદીના વિધવાન વકીલશ્રીએ શેરો મારી જણાવેલ છે કે તેઓને અરજી સામે સખત વાંધો છે. કોર્ટ ધ્વારા આરોપીને પુર્તી તકો આપવામાં આવેલી છે.

(૩) અરજીની સુનવણી દરમ્યાન આરોપીએ જણાવેલ છે કે આ કામ આરોપીના પુરાવાના સ્ટેજ ઉપર હોય આરોપીને પોતાનો બચાવ રજુ કરવા વ્યાજબી તક મળી રહે તેથી અરજી મંજુર કરવી જોઈએ.

(૪) જે સામે આરોપીના વિધવાન વકીલશ્રીએ પોતાની દલીલમાં જણાવેલ છે કે આ આરજી આપવાનો આરોપીનો એક માત્ર ઈરાદો કામ લંબાવાનો છે તેથી આ અરજી ખર્ચ સહિત નામંજૂર થવી જોઈએ.

(૫) અરજી તથા તેના હેઠળ ફરીયાદી પક્ષે મારવામાં આવેલ શેરો વંચાણે લીધો તથા અરજી સબંધે આરોપી અને ફરીયાદીના વિધવાન વકીલશ્રીને સાંભળયા. આરોપીએ હાલની અરજીથી સવાલવાળો ચેક એફએલમા મોકલવા માંગણી કરી છે. આ કામે આરોપીનુ વિશેષ નિવેદન વંચાણે લેવામાં આવે તો તેઓએ પોતાના વિશેષ નિવેદનમા પણ હાલની અરજીમા જણાવેલી વિગતો જેવો કોઈ વાંધો તકરાર લીધેલા નથી. વધુમાં અરોપીએ પોતાના વિશેષ નિવેદન સાથે આપેલા જવાબમા પણ હાલની અરજીમા જણાવેલી વિગતો દર્શાવેલી નથી. તે જોતા આરોપીના બચાવનો સ્ટેજ શરૂ થયો તેના આશરે દોઢેક વર્ષ બાદ આરોપીએ હાલની અરજી આપેલી છે. ઉપરોકત હકીકતો જોતા આરોપીએ કામ લંબાવાના એક માત્ર હેતુ થી હાલની અરજી આપી હોય તેવુ સ્પષ્ટ થાય છે. નામ. હાઈકોર્ટની સુચના મુજબ આ કેસ પાંચ વર્ષ કરતા જુનો હોઈ '' ટાગેટેડ કેસ'' ની કેટેગરીમા મુકવામાં આવેલો છે. આરોપી પાર્ટી ઈન પર્શન તરીકે પોતાના કેસ ચલાવતા હોય કોર્ટ ધ્વારા પોતાના સઘળો પુરાવો એક સાથે રજુ કરવા કોર્ટ ધ્વારા તેઓને સુચના પણ આપવામાં આવે છે આમ છતા આરોપી એક પછી એક અરજીઓ દાખલ કરી જતા હોય તે પાછળનો આરોપીનો મલીન ઈરાદો કામ લંબાવાનો હોય તેવુ જણાય છે જેથી આવી ફ્રીવલસ અરજી દાખલ કરવા માટે આરોપીને વ્યાજબી કોસ્ટ કરવી ન્યાય ઉચિત જણાતી હોય અરજી નામંજુર કરી અને અરજી હેઠળનો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**આખરી હુકમ:-**

- આરોપીની આંક ૮૩ ની અરજી નામંજુર કરવામાં આવે છે.
- આરોપીએ આવી પાયા વિહોણી અરજી દાખલ કરવા બદલ રૂ.૫૦૦૦/- અંકે રૂપિયા પાંચ હજાર પુરા કોસ્ટ તરીકે ડી.એલ.એસ.એ., ગાંધીનગર ખાતે હવે પછીની મુદત તારીખ સુધીમાં જમા કરાવવા.

હુકમ આજ તારીખ-૨૯ મી, માહે-નવેમ્બર , સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

મુ. દહેગામ
તા. ૨૯ -૧૧ -૨૦૨૪

**(વિશાલ પી.મહેતા)**
જ્યુડી,મેજી.,ફ.ક. દહેગામ.
કોડ નં. જી.જે. ૦૧૫૩૮